




નવ પલ્લવિત સરીતા ઉદ્યાન - ગાંધીનગરની ઓળખનું એક અંગે એટલે સરીતા ઉદ્યાન... સાબરના કિનારે વિકસાવેલ ઉદ્યાન એટલે સરીતા ઉદ્યાન... પાટનગરના પ્રારંભિક કાળમાં પીકનીક પોઈન્ટ તરીકે પંકાયેલ રળિયામણું સ્થળ એટલે સરીતા ઉદ્યાન... આ સરિતા ઉદ્યાન હવે નવા રૂપ-રંગ સાથે પાટનગરની સુંદરતામાં વધારો કરવા થનગની રહ્યું છે... સાબરને કિનારે સંતસરોવરની પાળે હરિયાળીના ઢોળાવો વચ્ચે બાળકો માટે અવનવા રમત-ગમતના સાધનો, નાનકડા ગૃપમાં બેસીને વાતો કરવાનો વિસામો... તથા ગાંધીનગરની ઓળખ સમા ઘેઘુર વૃક્ષોનો શીતળ છાંયો સરિતા ઉદ્યાનનું આકર્ષણ બની રહે છે.... આગામી દિવસોમાં સરિતા ઉદ્યાનનો વિવેકપૂર્ણ ઉપયોગ અપેક્ષિત છે...

# શહેરમાં દિવસે તાપમાન ઘટયુ પણ રાત્રિનું વધ્યું

**મોસમના બદલાતા મિજાજ વચ્ચે અકળામણ અનુભવતા શહેરીજનો**

ગાંધીનગર તા ૫

શહેરમાં આજે મોસમનો મિજાજ એકાએક બદલાયો છે. બપોર દરમિયાન અચાનક જ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. મહત્તમ તાપમાન ૩ ડી ગ્રી ગગડયુ હતુ. વાદળિયા વાતાવરણ વચ્ચે દિવસ દરમિયાન ગરમીનો પારો ૩૬.૫ ડી ગ્રીએ રહયો હતો. જયારે લઘુત્તમ તાપમાન ૨૪ ડી ગ્રી સુધી પહોંચી ગયુ હતુ. રાત્રિના તાપમાનમાં ૨ ડી ગ્રીનો વધારો થતા સાંજ દરમિયાન પણ ગરમીનો મિજાજ ઉગ્ર રહયો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ ઉકળાટ અને બેચેનીનો અનુભવ કર્યો હતો.

શહેરમાં ગત મહીના દરમિયાન સતત ગરમીનો પારો ઉંચો આવતા નગરજનોએ આકરી ગરમી અનુભવી હતી. આ દરમિયાન ગરમીનો પારો સતત ૪૦ ડી ગ્રીની ઉપર રહેતા નગરજનો હીટ વેવની અસર વચ્ચે અંગ દઝાડતી ગરમીમાં શેકાયા હતા. જયારે છેલ્લા એક સપ્તાહથી ગરમીનુ જોર ઘટતા શહેરીજનોએ રાહત અનુભવી છે. આજે પણ વાતાવરણમાં અનોખો બદલાવ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન બપોરના સમયે વાતાવરણ પલ્ટા વચ્ચે આકાશમાં વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા. અંશત : વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનો પારો પણ ૩ ડી ગ્રી જેટલો ગગડયો હતો. ગરમીનુ જોર ઘટતા નગરજનોએ રાહત અનુભવી હતી. પરંતુ દિવસના અંતે રાત્રિનુ તાપમાન પણ આશ્ચર્યજનક રીતે વધતા રાત્રિના સમયે પણ નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૨ ડી ગ્રીનો જ તફાવત રહયો હતો. દિવસનુ તાપમાન ઘટવાની સાથે રાત્રિનુ તાપમાન વધતા નગરજનોએ ગરમીની મોસમનો વિચિત્ર અનુભવ કર્યો હતો. જો કે દિવસ દરમિયાન સુર્યપ્રકાશનુ જોર ઘટવાની સાથે પણ નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. બફારાની સાથે આકાશમાં વાદળો વચ્ચે લુપાછુપી રમતા સુરજદાદાએ આકરા કીરણો વરસાવી નગરજનોએ ગરમીનો અહેસાસ કરાવ્યો હતો. ગરમીના પારાની ચઢઉતર યથાવત છે. ત્યારે રોજબરોજ બદલાતા મોસમના મિજાજ વચ્ચે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે.

# આજે જિલ્લા આયોજન મંડળની બેઠક મળશે

**પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં ૭.૨૫ કરોડના વિકાસકામોનું આયોજન થશે : એલઈડી લાઈટના કામો પર સૌની નજર મંડાયેલી છે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની શુક્રવારે બપોરે મહત્વની બેઠક મળશે જેમાં ૭.૨૫ કરોડના કામોનું આયોજન કરવામાં આવશે.

જિલ્લાના પ્રભારી મંત્રી રાજયકક્ષાના જળસંપત્તિ વિભાગના મંત્રી પરબતભાઈ પટેલની અધ્યક્ષતામાં આ બેઠક મળશે. જિલ્લાના પ્રભારી મંત્રી બન્યા પછી તેમની જિલ્લાના અધિકારીઓ સાથે પ્રથમ બેઠક હોવાથી તંત્ર દ્વારા પણ તેની પુરતી તૈયારીઓ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૪૬૦થી વધુ કામોને આજની બેઠકમાં પ્રાથમિક મંજૂરી આપવામાં આવશે. આ વખતે વિકાસના કામોમાં વિજળીકરણના કામોમાં ખાસ કરીને એલ.ઈ.ડી. લાઈટ્સના કામો સમાવવામાં આવ્યા છે. એલ.ઈ.ડી. લાઈટ્સના કામો અંગે પંચાયતોમાં થયેલા વિવાદને ધ્યાને રાખી આ કામો અંગે આજે શું થાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સર્વેલન્સમાં મેલેરીયા પોઝીટીવના દર્દીઓ ન મળતા તંત્રને રાહત

ગાંધીનગર, તા. ૫

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવાના હેતુસર હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે તાવના ૭૩૨ કેસ મળી આવ્યા છે. જો કે જિલ્લામાં સર્વેલન્સ દરમ્યાન હજુ મેલેરિયાનો પોઝીટીવ કેસ મળ્યો નથી જે તંત્ર માટે રાહતરૂપ છે.

આ દર્દીઓના લોહીના નમૂના મેળવી અને તે ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. મળતી આધારભૂત વિગતો પ્રમાણે જિલ્લામાં ત્રણ દિવસ દરમ્યાન મળેલા તાવના દર્દીઓમાંથી એક પણ દર્દીને મેલેરીયા પોઝીટીવ જણાયો નથી. જો કે આ દર્દીઓને વાઈરલ ફીવર હોવાનું મનાઈ રહ્યું છે.

તંત્રની ટીમો દ્વારા આજે ૧,૮૫,૪૯૫ વ્યક્તીઓને સર્વેલન્સમાં આવરી લઈ અને ૩૭૦૩૦ ઘરોની ચકાસણી કરવામાં આવી હતી. તંત્રની ટીમોને આજે ૧૨૪૭ સ્થાનો પર મચ્છરોના બ્રીડીંગ જોવા મળ્યા હતા તો તંત્રની ટીમો દ્વારા પોરાનાશક કામગીરી કરી અને નાશ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

**મે તો સૂરજને રોપ્યો છે આંગણે...**

# ગાંધીનગરના કેદાર ઉપાધ્યાયને શ્રેષ્ઠ સંગીત નિર્દેશકનું રાજ્ય પારિતોષિક



ગાંધીનગર, તા. ૫

'મેં તો સૂરજને રોપ્યો છે આંગણે... મેં તો ચાંદાને મુક્યો છે પાંપણે...' ક્યારેય ગુજરાતી સંગીત ન સાંભળનાર યુવા પેઢીને ગુજરાતી સંગીતની ગરિમાથી પરિચિત કરાવનાર અતિ લોકપ્રિય આ ગુજરાતી ગીતે ગાંધીનગરને ગૌરવ બક્ષ્યુ છે. 'પ્રેમજી ધ રાઈઝ ઓફ ફિલ્મ'ના આ ગીતના સંગીત નિર્દેશક કેદાર ઉપાધ્યાય અને ભાર્ગવ પુરોહિતને શ્રેષ્ઠ સંગીત નિર્દેશકનું રાજ્ય પારિતોષિક પ્રાપ્ત થયું છે.

આ સંગીત નિર્દેશક બેલડી પૈકીના ગાંધીનગરના ડૉ. કેદાર ઉપાધ્યાયને આ પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત થતાં ગાંધીનગરાઓ ગૌરવ અનુભવી રહ્યા છે.

ગુજરાતી સંગીતના મૂળ ખુબ ઊંડા છે તેમાં વ્યક્ત થતી સંવેદના હૃદયના તાર ઝણઝણાવી જાય છે. પંજાબી સંગીતના અતિરેક વચ્ચે જ્યારે 'મેં તો સૂરજને રોપ્યો છે આંગણે... જેવું ગીત સાંભળવા

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાની દરખાસ્ત અટવાઈ

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં સેકટરોના આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. પરંતુ નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ થઈ ગઈ છે. જયારે હજુ જુના સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ બાકી છે. સે-૨૦ થી ૩૦ માં સેકટરોના આંતરિક માર્ગોનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા વિભાગને કરવામાં આવેલી દરખાસ્ત હજુ પણ પેન્ડીંગ છે. જુના સેકટરોમાં સરકારી વસાહતમાં આંતરિક માર્ગોનુ કામ પણ હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં માર્ગ સુધારણાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. થોડા સમય અગાઉ જ નવા સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ છે. જયારે શહેરના મુખ્યમાર્ગોના રીસરફેસીંગનુ કામ પણ ટુંકમાં હાથ ધરાશે. જયારે નવા સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ હજુ જુના સેકટરોમાં આંતરિક માર્ગોની કામગીરી બાકી છે. આ માટે તંત્ર દ્વારા અગાઉ સર્વે હાથ ધરી વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે. માર્ગ સુધારણા માટે નવા સેકટરોમાં કામ પુર્ણ કરાયા બાદ જુના સેકટરોમાં સરકારી વસાહત સાથે સેકટરોના આંતરિક માર્ગોની કામગીરી બાકી હોવાથી તંત્ર દ્વારા અંદાજો તૈયાર કરી વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી જુના સેકટરોમાં માર્ગ સુધારણાને અનુલક્ષી દરખાસ્ત સંદર્ભે કોઈ નિર્ણય લેવાયો નથી. બીજીતરફ માર્ગ સુધારણા અન્વયે બાકી રહેતા સેકટરવાસીઓમાં પણ આ કામગીરી ત્વરિત હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરના રોડ નેટવર્કને ચકાચક રાખવા માટે વર્ષ દરમિયાન કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામા ંઆવે છે. ત્યારે સેકટરોમાં બાકી રહેતા આંતરિક માર્ગોની દશા સુધારવા પણ ત્વરિત કામ હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ગાંધીનગર રાજકોટ વચ્ચે વોલ્વો બંધ કરાયા બાદ એક્સપ્રેસ બસ શરૂ કરવા પ્રબળ માંગ

ગાંધીનગર તા ૫

ગાંધીનગર અમદાવાદ વચ્ચેના એસ ટી રૂટમાં પણ જરૂરી સુધારા વધારા કરવાની માંગ ઉઠવા પામી છે. ત્યારે ગાંધીનગરથી બહારગામના રૂટમાં દોડતી એસ ટી બસોની સેવા પણ વધારવા તેમજ નવા રૂટની બસો શરૂ કરવા રાજકોટ રૂટમાં અપડાઉન કરતા મુસાફરોની સંખ્યાને ધ્યાને લઈ એકસપ્રેસ બસ તેમજ ગુર્જર નગરી બસ સેવા શરૂ કરવા માટે પણ નાગરિકોએ રજુઆત કરી છે.

**અગાઉ વોલ્વો બસ સવાર બપોર સાંજ દોડતી હતી : વોલ્વો બંધ થતા મુસાફરોને હાલાકી : નવી બસ સેવા શરૂ કરવા એસ ટી તંત્રને રજુઆત**

પણ નગરજનોએ સુર ઉઠાવ્યો છે. અગાઉ ગાંધીનગરથી રાજકોટ વચ્ચે દોડતી વોલ્વો બસ સેવા એસ ટી તંત્ર દ્વારા બંધ કરી દેવામાં આવી છે. ત્યારે આગામી વેકેશન તેમજ ગાંધીનગર પાટનગર હોવાના નાતે રાજયના વિવિધ શહેરમાંથી આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે.

● અનુસંધાન પાન-૭ પર


**જોઈએ છે**
**શિક્ષિકા બહેનો**
લિટલ એન્જેલ્સ
ઈન્ટરનેશનલ સ્કૂલ-દહેગામ
અંગ્રેજી માધ્યમ, પ્રાથમિક વિભાગ માટે અનુભવી, પગાર લાયકાત મુજબ
સંપર્ક
મો. ૯૭૨૨૯૨૯૫૫૫
મો. ૮૩૨૦૦૭૫૯૩૧


# આજથી જિલ્લાની ૬૮૦ શાળામાં ગુણોત્સવ

## ધો. ૬ થી ૮ ના બાળકો માટે ૧૦૦ માર્કની કસોટી

**કસોટીની બેઠક વ્યવસ્થા સહિત બાહ્ય મૂલ્યાંકનકાર માટે સરકારે પણ કડક સૂચનાઓ જારી કરી છે**

ગાંધીનગર, તા. ૫

ગુણોત્સવમાં ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓની કસોટી માટે સાત સાક્ષરી વિષયો ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીના ૨૦-૨૦ પ્રશ્નો રહેશે.

બાહ્ય મૂલ્યાંકનકારે કસોટી માટે અપાયેલ સમયપત્રકને બિનચૂક રીતે અમલમાં મુકવાનું રહેશે. નિયત સમયપત્રકને અનુસરવા ઉપરાંત આ કસોટીમાં બેઠક વ્યવસ્થા પણ એક બેન્ચ પર બે વિદ્યાર્થીઓને બેસાડવાના રહેશે. દરેક વર્ગમાં ધો. ૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓ સાથે બેસશે એટલુ જ નહિ પણ એક જ ધોરણના બે વિદ્યાર્થી પાસે પાસે કે આગળ પાછળ ન હોય તેનુ પણ વિશેષ ધ્યાન રાખવાનું રહેશે. સહ અભ્યાસની પ્રવૃત્તિનું પણ બાહ્ય મૂલ્યાંકનકારે જાતે નીરીક્ષણ કરી અને તે મૂલ્યાંકન શીટ તૈયાર કરવાની રહેશે. શાળાના બાળકોએ રમતોત્સવમાં ભાગ લીધો હોય તો તેનો ઉલ્લેખ કરી અને વિગતો સાથે મૂલ્યાંકનમાં ગુણાંક દર્શાવવાના રહેશે. મૂલ્યાંકનકારે આધાર માટે પ્રમાણપત્રોની પણ ચકાસણી કરવાની રહેશે તેવી કડક સૂચના શિક્ષણ વિભાગે આપી છે. શાળામાં જમીન સંવર્ધન અંગેની પ્રવૃત્તિ થતી હોય તો તે બાબતનો પણ બાહ્ય મૂલ્યાંકનકારે ઉલ્લેખ કરી માર્કિંગ કરવાનું રહેશે. પુસ્તકાલયનો ઉપયોગ, બાલસભા, વાંચન પર્વ કે જ્ઞાન સરપ્તાહ ઉજવાય છે કે નહિ તેની પણ ચકાસણી કરવાની રહેશે.

ગાંધીનગર, તા. ૫

આજથી રાજયભરમાં આરંભાઈ રહેલ ગુણોત્સવ-૮માં જિલ્લાની ૧૫૨ શાળાના ૨૬ હજાર બાળકોનું બે દિવસ દરમ્યાન પહોંચતુ થઈ ગયું છે.

**જિલ્લાની ૧૫૨ શાળાના ૨૬ હજાર બાળકોનું આજથી બાહ્ય મૂલ્યાંકન હાથ ધરવા ૨૫ અધિકારીઓ : ૭૦ શાળાઓ એવી છે જેના પરિણામ પર સૌની નજર છે : ૨૨ શાળાઓ અત્યાર સુધીના ગુણોત્સવમાં સમાવાઈ નથી, ૩૧ શાળાના પરિણામમાં અસાધારણ ફેરફાર જણાયો તો ૧૭ શાળા સતત સી અને ડી ગ્રેડમાં છે**

બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવશે.

જિલ્લાની ૬૮૦ શાળાઓમાંથી ૫૨૮ શાળાઓમાં સ્વમૂલ્યાંકન થશે. જિલ્લા પંચાયત હસ્તકની ૧૧૧, શહેરની ૨૦, અનુદાન મેળવતી ૧૫ અને ૬ આશ્રમ શાળાઓ મળી ૧૫૨ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન થશે. આ શાળાઓના બાળકોની સંખ્યા ૨૬ હજાર જેટલી છે.

જિલ્લામાં ગુણોત્સવની તૈયારીઓ છેલ્લી ઘડીના રૂટમાં મામુલી ફેરફારો સાથે તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે. આ માટેનું જરૂરી સાહિત્ય પણ દરેક શાળાએ પહોંચતુ થઈ ગયું છે.

આ ગુણોત્સવમાં વાંચન, લેખન, ગણન ઉપરાંત સહઅભ્યાસની પ્રવૃત્તિઓનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે. ૧૦૦ માર્કની ઓ.એમ.આર. શીટ ધો. ૬ થી ૮ના બાળકોને અપાશે અને તેમાં જવાબ લખવા માટેનો સમય બે કલાકનો રહેશે. અગાઉના ગુણોત્સવ કરતાં ઉત્તર લખવાની સમયમર્યાદામાં આ વખતે વધારો કરવામાં આવ્યો છે.

વાંચનનું મૂલ્યાંકન પણ ઝીણવટભરી રીતે કરવા એટલુ જ નહિ ગણનના મૂલ્યાંકનમાં પણ બાળકે કરેલા પ્રયાસોનું પણ બારીકાઈથી મૂલ્યાંકન કરવાની સૂચનાઓ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૫ અધિકારી અને એક પદાધિકારી બાહ્ય મૂલ્યાંકનની કામગીરીમાં જોડાવાના છે. રાજયના મુખ્ય સચિવ જે.એન. સિંઘ સે. ૨૮ની પ્રા. શાળા-૧માં, અધિક મુખ્ય

● અનુસંધાન પાન-૭ પર


**જગ્યા ભાડે આપવાની છે**
ઈન્ફોસીટી સુપર મોલ-૧, ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫, સબ-વેની બાજુમાં, આશરે ૨૩૩ ચો. ફુટ
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

**જગ્યા ભાડે આપવાની છે**
પ્લોટ નં. ૧૦૧/૧/૪, જીઆઈડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર, જલારામ આઈસ ફેક્ટરીની સામે, ગ્રાઉન્ડ ફ્લોર, (૧૨૦૦ ચો. ફુટ કારપેટ)
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com